આંક : ૫ લગત હુકમ

૧. વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, જત ડિસ્ટ્રીકટ ખેડા તાલુકો મહુધાના મોજે ગામ ભુમસની સીમમાં આવેલ બ્લોક સર્વે નં. ૫૦૬ પૈકી ૧ ની બીન ખેતીની પ્રિમીયમને પાત્ર ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧–૨૪–૨૮ આકાર રૂા.૧૫.૨૫ પૈસાની ખાતા નંબર ૬૬૦ વાળી જમીન આવેલ છે, જેને હવે પછી દાવાવાળી મીલકત તરીકે સંબોધવામાં આવશે.

૧.૧. વાદીનુ વધુમાં કથન છે કે, સદરહુ દાવાવાળી જમીન અંગે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ કુટુંબના વડીલ અને વહીવટકર્તા તરીકે વાદી સાથે વેચાણ બાનાખતનો કરાર કરેલ છે. સદરહુ બાનાખતનો કરાર એડવોકેટ એન્ડ નોટરીશ્રી પ્ર વિણ આર.શર્માના ચોપડે તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ નોંધણી કરાવેલ છે.

૧.૨. વાદીનુ વધુમાં કથન છે કે, દાવાવાળી મીલકત રૂા.૧ ૭,૬૦,૦૦૦/– અંકે રૂપિયા સત્તર લાખ સાઈઠ હજાર પુરાના અવેજ અનુસાર વાદીએ ખરીદ કરેલ છે. જે, અસલ કાગળો પ્રતિવાદી નં.૧ ના એડવોકેટશ્રી બી.સી. પટેલના કબજા ભોગવટામાં રહેલ છે. જેની કોઈ નકલ વાદી પાસે નથી. બાનાખત કરારની રૂઈએ પ્રતિવાદી નં.૧ નાને તા.૨૭/૧૦/૨૦૧૩ ના રોજ રૂા.૨,૫૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચાર હજાર રોકડા ચુકવેલ છે. જેની પહોંચ પ્રતિવાદી નં.૧ નાએ વાદીન આપેલ છે. દાવાવાળી જમીનના વાદી અને પ્ર

તિવાદી નં.૧ વચ્ચે કરવામા આવેલ બાનાખતના કરારની રૂઈએ પ્રતિવાદી નં.૧ ના કહેવાથી તેમના દિકરા પ્રતિવાદી નં.૫ નાને વાદીએ તા.૩૦/૧૧/૨૦૧૩ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા, તા.૦૪/૧૨/૨૦૧૩ ના રોજ રૂા.૧ ,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા, તા.૧૩/૦૧/૨૦૧૪ ના રોજ રૂા.૧ ,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા બાનાખતમાં જણાવેલ વેચાણ અવેલ પૈકીની અવેજની રકમ વાદીએ ચુકવેલ છે. જેની, પ્રોમીસરીનોટ/ નાણાં પાવતી વાદીની તરફેણમાં લખી આપેલ છે. વાદી તથા પ્રતિવાદી નં.૧ વચ્ચે થયેલ સમજુતી અનુસાર વાદીના દિકરા મનુભાઈ ચંદુભાઈ ચુનારાએ પ્રતિવાદી નં.૧ નાને તા.૦૯/૦૫/૨૦૧૫ ના રોજ રૂા.૧,૧૫,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પંદર હજાર પુરા તા.૧૦/૦૫/૨૦૧૫ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા રોકડા ચુકવેલ છે. જેની કાયદેસરની નાણાં પાવતી/પ્રોમીસરીનોટ પ્રતિવાદી નં.૫ નાએ લખી આપેલ છે. આમ, વાદીએ દાવાવાળી જમીન અંગે માતબર રકમની ચુકવણી અવેજ પેટે વાદીએ કરેલ છે.

૧.૩. વાદીનુ વધુમાં કથન છે કે, દાવાવાળી જમીન અંગે વાદીનુ બાનાખત અમલમાં હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી જનાએ પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં મહુધાના સબ રજીસ્ટ્રારની કચેરીમાં તા.૧૦/૦૭/૨૦૧૫ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૩૯૩/૨૦૧૫ નો રજીસ્ટર્ડ કરેલ છે. વાદીએ દાવાવાળી જમીન સને–૨૦૧૩ માં બજાર ભાવે રૂા.૧૭,૬૦,૦૦૦/– પુરામાં ખરીદ કરેલ છે. જયારે, રજી.વેચાણ

દસ્તાવેજ જે પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં કરી આપેલ છે તે રૂા.૪,૯૫,૦૦૦/– માં થયેલ છે. આમ, મજકુર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ વેચાણ અવેજની રકમ તદ્દન ખોટી, ગેરવ્યાજબી અને ગેરકાયદેસરની દર્શાવેલ છે. જેથી, રજી.વેચાણ દસ્તાવેજ રદ થવાને પાત્ર બનેલ છે.આ કામના પ્રતિવાદી નં.૬ દાવાવાળી જમીનના બજાર ભાવ ઘણા વધેલ હોવાથી નાણાંની રોકડી કરવાના બદઈરાદાથી દલાલો મારફતે વેચાણ આપવા માટે તથા કબજાની સોંપણી કરવાના બદઈરાદાયુકત કર્યો કરવા માટે પ્રયત્નશીલ થયેલા છે. તેથી, વાદીના હકક અને અધિકારને દાવાવાળી જમીન અંગેના માલીકી હકક મેળવવા માટે નુકશાન થાય તેવા પ્રયત્નો કરી રહેલ છે. જેથી, વાદીએ હાલનો દાવો કરવાનુ કારણ ઉભુ થતા વાદીએ દાવો દાખલ કરી કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે અરજ, વિનંતી કરેલ છે.

૨. વાદીએ હાલનો દાવો દાખલ કરતા પ્રતિવાદીઓને દાવાની તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીની સમન્સ, નોટીસ બજવણી થતા પ્રતિવાદી નં. ૨ થી ૪ તેઓના વિ.વ.શ્રી.એમ.એ.સોનીનાઓ તથા પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૫ અને ૬ તેઓના વિ.વ.શ્રી.એન.બી.ચૌહાણનાઓ મારફતે હાજર થયેલા.

૩. પ્રતિવાદી નં.ર થી ૪ તરફે વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી વિરૂઘ્ધ લેખિત વાંધા જવાબ આંક–૨૮ થી તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ રજુ કરેલ છે. જેમાં, પ્રતિવાદી નં.ર થી ૪ નાએ વાદીની કામચલાઉ મનાઈ હુકમની

અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી પ્રતિવાદી નં.ર થી ૪ ધ્વારા એવી તકરાર લેવામાં આવેલ છે કે, દાવાવાળી જમીન જુની શરતની ખેતી લાયક જમીન છે. સદરહુ, જમીન વડીલોપાર્જીત યાને કે, પ્રતિવાદીઓના ગુજરનાર દાદા ભુલાભાઈ જરાભાઈની વડીલોપાર્જીત મીલકત અને સદરહુ જમીન પ્રતિવાદીઓના ગુજરનાર પિતા નામે ધીરાભાઈ ભુલાભાઈ પરમાર તથા પ્રતિવાદી નં.૧ કે જે કાકા થાય છે તે વીરાભાઈ ભુલાભાઈ પરમારનાઓને અડધે અડધે ભાગે મળવાપાત્ર થતી હતી. પ્રતિવાદીઓના પિતા ગુજરી ગયા બાદ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના નામો વારસાઈ હકકે આવેલ હતા. જેની નોંધ પડાવવામાં આવેલ. આમ, પ્રતિવાદી નં.ર થી ૪ તથા પ્રતિવાદી નં.૧ નાઓ દાવાવાળી જમીનના સહહિસ્સેદાર બનેલ. પ્ર તિવાદીઓએ તેઓના કાકા પ્રતિવાદી નં.૧ નાને વારંવાર કહેતા હીસ્સાની જમીનની માંગણી કરવા છતાં ભાગ પાડેલા ન હતા. પ્રતિવાદીઓ અભણ હોવાથી અજ્ઞાનતાનો લાભ ઉઠાવી આ કામના પ્રતિવાદી નં.૧ ના દિકરા હર્ષદભાઈ વિરાભાઈ પરમારનાઓએ જણાવેલ કે, જમીનના ભાગ પાડવાના હોઈ, અડધા ભાગની જમીન વેચી દેવાની હોઈ, તમારે સંમતિ આપવા આવવુ પડશે બાકીની અડધી જમીનમાં હીસ્સો મળી જશે. આથી, અંગુઠા કરવા આવવુ પડશે, તેવુ જણાવેલ અને તેઓની વાતમાં આવી જઈ પ્રતિવાદી નં.૧ નાઓ તથા તેમના દિકરા તથા તેમના મળતીયાઓએ પ્રતિવાદી નં.ર થી ૪ નાને તા.૧૦/૦૭/૨૦૧૫ ના રોજ સરકારી કચેરીમાં લઈ ગયેલા અને તેઓના વકીલશ્રીએ જયાં જયાં અંગુઠા પાડવાનુ કયુ.

આથી, પ્રતિવાદી નં.ર થી ૪ નાને લાગેલ કે, અમારા ભાગની જમીન મળી ગયેલ છે. આથી, પ્રતિવાદીઓએ અંગુઠા પાડયા પછી દશેક દિવસ બાદ જમીન ઉપર ગયેલા. ત્યારે, પ્રતિવાદી નં.૬ નાઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલા હતા અને જણાવેલ કે, આ જમીન અમોને વેચાણ કરી દીધેલ છે જો ફરી આ જમીન ઉપર પગ મુકશો તો જાનથી મારી નાંખીશુ તે મુજબની ધમીઓ આપેલી. જેથી, પ્રતિવાદી નં.૧ નાને પુછતાછ કરતા ગોળ ગોળ જવાબ આપવા લાગેલા. પ્રતિવાદી નં.ર થી ૪ નાએ તા. ૦૪/૦૯/૨૦૧૫ ના રોજ મહુધાના મામલતદાર સાહેબ સમક્ષ દાવાવાળી જમીન અંગે વાંધા અરજી આપેલ હતી તથા રેવન્યુ રેકર્ડ કઢાવેલ જેમાં માલુમ પડેલ કે, પ્ર તિવાદી નં.૧ નાએ ગેરકાયદેસર રીતે પ્રતિવાદી નં.ર થી૪ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી જમીનના ભાગ પાડવાના છે તેવી ખોટી સમજ આપી સદર દાવાવાળી જમીન બારોબાર પ્રતિવાદી નં૬ નાઓને રજી.વેચાણ દસ્તાવેજથી આપી દીધેલ છે અને ખોટી રીતે એન્ટ્રી પડાવી દીધેલ. જેથી મામલતદારશ્રીએ પ્રતિવાદી નં.ર થી ૪ ની વાંધા અરજી ગ્રાહય રાખી અને રજી.વેચાણ દસ્તાવેજની એન્ટ્રી નામંજુર કરેલ હતી અને પ્રતિવાદી નં.ર થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ તથા તેમના દિકરા હર્ષદભાઈ સામે ડી.એસ.પી. સાહેબ સમક્ષ વિશ્વાસઘાત અને છેતરપીંડી થવગા બદલની ફરીયાદ કરેલ હતી. પ્રતિવાદી નં.૧ નાઓએ મામલતદારશ્રીના હુકમ સામે નાયબ કલેકટરશ્રી સમક્ષ આર.ટી.એસ.અપીલ નં.૧૦૫/૨૦૧૬ થી દાખલ કરેલ. જેમા, પણ મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ હતો અને પ્રતિવાદી નં.૬

નાની ફેરફાર નોંધ નામંજુર કરવામા આવેલી.

૩.૧. પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે વધુમાં એવી તકરાર લેવામાં આવેલ છે કે, વાદી જે બાનાખત ઉપર આધાર રાખે છે તે બાનાખત આજદીન સુધી રજુ કરેલ નથી. જેથી વાદીનો દાવો ટકવાપાત્ર નથી. પ્રતિવાદી નં.૧ અને ૬ તથા વાદી એકબીજાના મેળાપીપણામાં પ્રતિવાદી નં.૨ થી ૪ ના કાયદેસરના હકકોને ડુબાડવા માટે હાલનો દાવો દાખલ કરેલ હોય, વાદીનો દાવો તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ, વિનંતી કરેલ છે.

૪. પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૫ અને ૬ નાઓને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી વિરૂધ્ધ લેખિત વાંધા જવાબ રજુ કરેલ ન હોય, તેઓના જવાબનો હકક બંધ કરવામા આવેલ.

૫. વાદી તરફે કામચલાઉ મનાઈ હુકમની અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૫.૧. દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	નિ.નં.	દસ્તાવેજી પુરાવાનુ વર્ણન	તારીખ
૧	૩/૧	બ્લોક/સર્વે નં.૫૦૬ પૈકી ૧ ની ૭/૧૨ ની નકલ	–
૨	૩/૨	વેચાણ દસ્તાવેજ રજી.નં.૩૯૩/૨૦૧૫ ની નકલ	–

૩	૩/૩	આ કામના પ્રતિવાદી નં.૧ નાએ અમો વાદીને આપેલ નાણાં સ્વીકાર્યાની પહોંચની નકલ	–
૪	૩/૪	આ કામના પ્રતિવાદી નં.૫ નાએ અમો વાદીને કરી આપેલ પ્રોમીસરી નોટની નકલ	–

૬. પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે પોતાના સમર્થનમાં આંક–૨૯ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

૬.૧. **દસ્તાવેજી પુરાવા** :–

અ.નં.	**નિ.નં.**	**દસ્તાવેજી પુરાવાનુ વર્ણન**	**તારીખ**
૧	૨૯/૧	મામલતદારશ્રી, મહુધાના હુકમની નકલ	–
૨	૨૯/૨	ડે.કલેકટરશ્રી નડીઆદનાએ કરેલ હુકમની નકલ	૦૨/૦૪/૨૦૧૮

૭. હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: **મુદ્દાઓ** ::

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, જો વાદીને કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તેમ છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાની તુલા

તેઓની તરફેણમાં છે?

૪. શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક કારણો તથા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

-:: <u>કારણો</u> ::-

૯. ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સુસંગત હોય, તે મુદ્દા સાથે સમાવિષ્ટ દસ્તાવેજી પુરાવાઓનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી, સરળતા ખાતર, મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એકસાથે કરવામા આવે છે.

<u>મુદ્દા નં. ૧ થી ૩</u> :-

૧૦. વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકત મુજબ, દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૧ ની પાસેથી રૂા.૧૭,૬૦,૦૦૦/- થી વેચાણ અવેજથી તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ વેચાણ અંગેનો બાનાખત કરાર નોટરી રૂબરૂ કરી કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં જણાવ્યા મુજબનો બાનાખત રૂા.૨,૫૦,૦૦૦/- પ્રતિવાદી નં.૧ ને ચુકવી આપેલ, ત્યારબાદ બાનાખત કરારની રૂઈએ પ્રતિવાદી નં.૧ ના કહેવાથી તેમના દિકરા પ્રતિવાદી નં.૫

ને રૂા.૩,૦૦,૦૦૦/– તથા વાદીના દિકરાએ પ્રતિવાદી નં.૧ ને રૂા.૧,૧૫,૦૦૦/– ચુકવી આપેલ. અને તે અંગેની પ્રોમીશરી નોટ પ્રતિવાદી નં.૫ નાએ લખી આપેલ. પરંતુ, ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૬ નાને રૂા.૬,૯૫,૦૦૦/– ના વેચાણ અવેજથી વેચાણ આપેલ. પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે એવી તકરાર લેવામા આવેલ છે કે, દાવાવાળી જમીનમાં અડધો હકક, હીસ્સો તેઓને આવેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ થી ૪ સાથે છેતરપીંડી કરી ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં કરી આપેલ છે.

૧૧. વાદી તરફે વિ.વ.શ્રી આર.કે.બારોટનાઓએ આંક–૨૬ થી તા.૧૧/૧૦/૨૦૧૮ ના રોજ કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતોને દોહરાવી લંબાણ પુર્વક લેખિત દલીલ રજુ કરેલ છે જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, દાવાવાળી જમીન અંગે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ વેચાણ દસ્તાવેજ કરી આપેલ તે માટે કાયમી જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. દાવાવાળી જમીન અંગે પ્રતિવાદી નં.૧ નાએ તેઓના કુટુંબના વડીલો અને વહીવટકર્તા તરીકે વાદી સાથે વેચાણ અંગે બાનાખતનો કરાર એડવોકેટ નોટરી પ્રવિણ આર.શર્માના ચોપડે તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ નોંધાવી આપેલ છે. જે વેચાણ બાનાખત પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી અશ્વિન પટેલ દ્વારા કરવામા આવેલ જેની નકલ વાદી પાસે નથી.

૧૧.૧. વાદી તરફે વિ.વ.શ્રીની વધુમાં દલીલ છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૧ તરફે કરવામા આવેલ બાનાખત શરત અનુસાર વેચાણ કિંમત રૂા.૧૭,૬૦,૦૦૦/- પૈકી રૂા.૨,૫૦,૦૦૦/- પ્રતિવાદી નં.૧ ની સુચના અનુસાર રૂા.૩,૦૦,૦૦૦/- પ્રતિવાદી નં.૫ ને તથા પ્રતિવાદી નં.૧ ને વાદીના દિકરાએ રૂા.૨,૧૫,૦૦૦/- ચુકવી આપેલા છે. તે તમામની પ્રોમીસરી નોટ પ્ર તિવાદી નં.૫ નાને વાદીએ લખી આપેલ છે જે હાલના દાવા કામે રજુ કરેલ છે. આમ, વાદીએ વેચાણ અવેજની રકમ પૈકી માતબર રકમ પ્રતિવાદીઓને ચુકવી આપેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧ ધ્વારા કરારનુ પાલન કરવામા આવેલ નથી. વાદી દાવાવાળી જમીનની બાકીની રકમ ચુકવવા રાજીખુશી અને તૈયાર છે. પરંતુ, પ્ર તિવાદી નં.૧ થી ૪ નાએ પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં રજી.વેચાણ દસ્તાવેજથી દાવાવાળી જમીન રૂા.૪,૯૫,૦૦૦/- માં વેચાણ કરેલ છે. આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડતા, અગવડતાની તુલા પણ વાદીની તરફેણમાં છે. પ્ર તિવાદી નં.૧ તથા ૫ તરફે કોઈ વાંધા જવાબ રજુ કરવામા આવેલ નથી. વાદીએ જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તે દસ્તાવેજો ધ્યાને લેતા દાવાવાળી મીલકતમાં વાદીનો હકક, હીત ઉભુ થયેલ હોય, કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવા માટે દલીલ કરેલ છે.

૧૨. પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે વિ.વ.શ્રી.એમ.એ.સોની નાઓએ આંક - ૩૦ થી તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ લેખિત દલીલ કરેલ છે કે, દાવાવાળી

મીલકતનો વાદીએ પ્રતિવાદી નં.૧ નાઓ સાથે તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ નોટોરાઈઝ બાનાખતની જે વાત કરે છે તે પ્રતિવાદીઓની જાણમાં નથી. સદર દાવો દાખલ કરી તેની વિગતો જોતા પહેલી વહેલીવાર પ્રતિવાદીઓને સદર કહીકત જાણવા મળેલ હતી. અને પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ નાને કોઈ જ પાવર આપેલ નથી કે કહેવાતા બાનાખતમાં પ્રતિવાદીઓની કોઈ સહી કે અંગુઠા નથી. સૌથી મહત્વની બાબત એ છે કે, આ કામના વાદી જે કહેવાતા બાનાખત પર આધાર રાખી નામદાર કોર્ટમાં આવેલા છે તે દસ્તાવેજ આજદિન સુધી નામદાર કોર્ટમાં રજુ થયેલ નથી. વળી આ કામના વાળીએ નામદાર કોર્ટમાં આંક–૩ ના લીસ્ટથી નાણાં લીધા આપ્યા અંગેની જે પહોંચ તથા પ્રોમીસરી નોટ રજુ કરેલ છે તે નાણાં વાદીએ પ્રતિવાદી નં.૧ નાને કયા વહેવાર પેટે આપ્યા તેની પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓને કોઈપણ જાતની માહીતી નથી કે પ્રતિવાદીની સહી પણ નથી તથા પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ ને કોઈપણ પ્રકારનો પાવર પણ આપેલ નથી તથા પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ આવો કોઈ અવેજ મેળવેલ નથી. આથી, પણ વાદીનો દાવો તથા મનાઈ અરજી ટકી શકે તેમ નથી.

૧૨.૧. પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, દાવાવાળી તકરારી મીલકત પ્રતિવાદી નં.૨ થી તથા ૧ ની વડીલોપાર્જીત મીલકત છે સદર મીલકત પ્રતિવાદીઓની સંયુકત માલીકીની કબજા ભોગવટાની તથા વણવહેંચાયેલી છે. પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓએ આ કામના પ્રતિવાદી નં.૧

કે જેઓ પ્રતિવાદી નં.૨ થી ૪ ના સગા કાકા થાય છે તેઓને પ્રતિવાદીઓને ભાગે પડતી અડધી જમીન આપી વહેંચણી કરવા વારંવાર માંગણી કરેલ હતી. પરંતુ પ્રતિવાદી નં.૧ તથા ૫ નાઓએ પ્રતિવાદી નં.૨ થી ૪ ની અજ્ઞાનતાનો ગેરલાભ ઉઠાવી સદર જમીનની વહેંચણી કરવા માટે અંગુઠા આપવાના છે તેવુ કારણ જણાવી પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓ સાથે છળકપટ તથા વિશ્વાસઘાત કરી સદર દાવાવાળી મીલકત આ કામના પ્રતિવાદી નં. ૬ નાને રજી. દસ્તાવેજ નં.૩૯૩/૨૦૧૫ થી પ્રતિવાદી નં.૨ થી ૪ નાને અંધારામાં રાખી બારોબાર વેચાણ કરી દીધેલ હતી તેની જાણ થતા પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓએ મહુધાના મામલતદારશ્રીને વાંધા અરજી આપતા મામલતદાર સાહેબે સદર તકરારી કેસ ચલાવી પ્રતિવાદી નં.૬ નાની વેચાણની એન્ટ્રી નામંજુર કરેલ હતી. ત્યારબાદ, પ્રતિવાદી નં..૬ નાઓએ નડીઆદના નાયબ કલેકટર સાહેબમાં આર.ટી.એસ. અપીલ નં.૧૦૫/૨૦૧૬ દાખલ કરેલ હતી. જેમાં, પણ પ્રાંત સાહેબે પણ આ કામના પ્રતિવાદી નં.૬ ની સદર કપટયુકત રજી.વેચાણ દસ્તાવેજની એન્ટ્રી નામંજુર કરેલ હતી. વધુમાં, પ્રતિવાદીઓને આ કામના પ્રતિવાદી નં.૧,૫,૬ વિરૂધ્ધ ખેડા જીલ્લાના ડી.એસ.પી. સાહેબ સમક્ષ પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ સાથે થયેલ છેતરપીંડી અને વિશ્વાસઘાત બદોલ ફરીયાદ પણ કરેલ હતી. જેમાં, તેઓના પાકા જામીન પણ લેવડાવવામાં આવેલ હતા. આમ, આ કામના વાદી જે કહેવાતા બાનાખત પર આધાર રાખી દાવો કરેલ છે તે બાનાખતનો કરાર નામદાર કોર્ટમાં

આજદીન સુધી રજુ થયેલ નથી તથા પ્રતિવાદીઓને તેની જાણ પણ નથી કે આવા કોઈ બાનાખતમાં પ્રતિવાદીઓના અંગુઠા નથી તથા કોઈને પાવર પણ આપેલ નથી. આમ, વાદી નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલા નથી. આથી, વાદી લો ઓફ ઈકવીટી મુજબ સમન્યાયની દાદ મેળવવા હકકદાર નથી. વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. બધા જ પક્ષકારોની કરારમાં સહી સંમતિ હોવી જોઈએ. જેમાં, પ્રતિવાદી નં.૨ થી ૪ નાઓને નાણાંથી ન પરવડી શકે તેવુ નુકશાન જાય તેમ છે. આમ, વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી રૂા.૨૫,૦૦૦ ના કોસ્ટથી નામંજુર કરવા દલીલ કરેલ છે.

૧૩. પ્રતિવાદી નં.૧ તથા ૫ તરફે વાંધા જવાબ રજુ કરવામા આવેલ નથી કે વિ.વ.શ્રીએ વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી વિરૂધ્ધ કોઈ દલીલ કરેલ નથી.

૧૪. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની લંબાણ પુર્વકની દલીલો ધ્યાને લઈ વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી, પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે રજુ કરવામાં આવેલ લેખિત વાંધા જવાબ વંચાણે લઈ, રેકર્ડ ધ્યાને લીધુ. દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ થી ૪ ની આવેલી છે અને પ્રતિવાદી નં.૧ નાએ કુટુંબના વડીલ તથા વહીવટકર્તા તરીકે વેચાણ અને બાનાખતનો કરાર એડવોકેટ અને નોટરીશ્રી પ્રવિણ આર.શર્માના ચોપડે તા.૨૦/૧૦/૨૦૧૩ ના રોજ નોંધ કરાવી, રૂા.૧૭,૬૦,૦૦૦/- ના વેચાણ અવેજથી વાદીએ ખરીદ કરેલ છે.

વાદીએ રૂા.૨,૫૦,૦૦૦/– ત્યારબાદ વાદીના દિકરાએ પ્રતિવાદી નં.૧ નાને રૂા.૧ ,૧૫,૦૦૦/– તથા પ્રતિવાદી નં.૫ નાને રૂા.૩,૦૦,૦૦૦/– ચુકવી આપેલ છે જે અંગેની પહોંચની પાવતી પ્રતિવાદી નં.૫ નાએ લખી આપેલ છે. જયારે, પ્ર તિવાદી નં.૨ થી ૪ તરફે દાવાવાળી મીલકત અંગે કરવામાં આવેલ વેચાણ કરારમાં તેઓની સહી નથી તથા સંમતિ નથી તેવી દલીલ કરવામા આવેલ છે. વાદી તરફે રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા નિ.૩/૧ થી મોજે ગામ ભુમસ, તા.મહુધા, જી.ખેડાના સર્વે નં.૫૦૬ પૈકી ૧ વાળી જેનો ગામ નમુનો નં.૭ ના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે, જે વંચાણે લેતા તેમા કબજેદાર તથા ખાતેદાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામો સંયુકત જણાવેલ છે. નિ.૩/૨ થી દાવાવાળી મીલકત અંગે પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૬ ને રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૩૯૩/૨૦૧૫ થી લખી આપેલ. રૂા.૪,૯૫,૦૦૦/– ના અવેજથી વેચાણ આપેલ. નિ.૩/૩ થી પ્રતિવાદી નં.૧ નાએ રૂા. ૨,૫૦,૦૦૦/– અંગેની પહોંચ લખી આપેલ છે. નિ.૩/૪ થી પ્રતિવાદી નં.૫ નાએ પહોંચમાં જણાવ્યા મુજબની રકમ મળ્યા અંગેની પ્રોમીસરી નોટ લખી આપેલ છે. પ્રતિવાદી નં.૨ થી ૪ તરફે નિ.૨૯/૧ થી તકરારી કેસ નં.૨૪/૨૦૧૫ ના કામે મામલતદારશ્રીએ ફેરફાર નોંધ નં. ૨૯૧૩ ને નામંજુર કરેલ તે અંગેનો હુકમ રજુ કરેલ છે. નિ.૨૯/૨ થી પ્રતિવાદી નં.૬ નાએ હાલના વાદી તથા પ્રતિવાદી નં.૨ થી ૪ તથા અન્યો સામે આર.ટી.એસ.અપીલ નંબરના કામે નાયબ કલ

ેકટરશ્રીએ મામલતદારશ્રીએ કરેલ હુકમ યથાવત રાખી, ફેરફાર નોંધ નં. ૨૯૧૩ નામંજુર કરવાનો હુકમ કરેલ તે હુકમની નકલ રજુ કરેલ છે. આમ, રેવન્યુ રેકર્ડ જોતા દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ થી ૪ નાની સંયુકત કબજાભોગવટા તથા કબજેદાર તરીકે આવેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ, વાદીએ દાવાવાળી જમીન અંગેનો વેચાણ કરાર પ્રતિવાદીઓ સાથે કરેલ હોય, તેવા પ્રાથમિક આધાર પુરાવા બાબતનો કરાર રજુ કરેલ નથી. જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ ગણાવી શકાય નહી. વધુમાં, પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૫ નાએ નિ.૩/૩ થી તથા ૩/૪ થી પહોંચ પાવતી તરીકે પ્રોમીસરી નોટ લખી આપેલ છે તે પરથી દાવાવાળી મીલકતના વેચાણ અંગેના કરારની સામે અવેજ પેટે રકમ સ્વીકારેલ હોય તેવુ જણાય આવતુ નથી. આમ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ ગણાવી શકાય નહી, સગવડતા અગવડતાની તુલા પણ અવેજના અભાવે મીલકતમાં વાદીનો કોઈ હકક ઉત્પન્ન થયેલ ન હોય, તેવા સંજોગોમાં સગવડતા અગવડતાની તુલા પણ વાદીની તરફેણમાં નથી કે, નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન પણ વાદીને થાય તેમ નથી. આમ, ઉપર મુજબની ચર્ચાને આધારે **મુદ્દા નં.૧ થી ૩** વાદીની વિરૂધ્ધમાં **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૪** અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: <u>હુકમ</u> :-

- વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–૧૯મી, માહે– નવેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તારીખ : ૧૯/૧૧/૨૦૧૯
સ્થળ : નડીઆદ

(સિરાજુદ્દીન ગનીભાઈ મનસુરી)
જીજે–૦૦૬૦૩
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
નડીઆદ. જી. ખેડા